
## હૃદયને ગાતા ગીતો




### મુસ્કુરા લાડલે મુસ્કુરા




મુસ્કુરા લાડલે મુસ્કુરા (2)
કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસુરત, હૈ જીતના યે મુખડા તેરા
મુસ્કુરા લાડલે મુસ્કુરા (2)
તેરી યે મુસ્કાન કોઈ ના છીને કભી, હો ફૂલ કી સેજ સોયે જવાની તેરી,
માલિક સે હે યે દુઆ,હે યે દુઆ
કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસૂરત, હે જીતના યે મુખડા તેરા
મુસ્કુરા લાડલે મુસ્કુરા (2)
તુઝકો જો દેખા વો દિન યાદ આને લગે
આંખો કે બુઝતે દીયે ઝીલમિલાને લગે
મેં તેરે જૈસા હી થા, ઐસા હી થા
કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસૂરત, હે જીતના યે મુખતા ડેરા
મુસ્કુરા લાડલે મુસ્કુરા (2)
બચકે તે ચલ લાડલે બુરા યે જહાં
બન સાંપ ડંસતા હે અપના હી સાયા યહીં (2)
હર કોઈ હે બેવફા, હે બેવફા
કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસુરત, હૈ જિતના યે મુખડા તેરા
મુસ્કુરા લાડલે મુસ્કુરા (2)

**ગીતઃ** હસરત જયપુરી **સ્વરઃ** મન્ના ડે **સંગીતઃ** શંકર જયકિશન **ફિલ્મઃ** ઝિંદગી, **દિગ્દર્શકઃ** રામાનંદ સાગર **વર્ષઃ** 1964 **કલાકારોઃ** પૃથ્વીરાજકપૂર, રાજેન્દ્ર કુમાર, વૈજયંતી માલા, રાજકુમાર, મહેમુદ, કનૈયાલાલ, નીરુપા રોય, જયંત, હેલન, ધૂમાલ, મુમતાઝ બેગમ




પિતા પોતાના પુત્ર યા પુત્રી માટે પ્રેમ વ્યક્ત કરતા હોય એવા ગીત ઓછા હોય છે. 'તુઝે સુરજ કહું યા ચંદા, તુઝે દીપ કહું યા તારા, મેરા નામ કરેગા રોશન, જગ મેં મેરા રાજ દુલારા... (એક ફુલ દો માલી) એ મેરે બેટે સૂન મેરા કહેના (આ ગલે લગ જા), 'લુક છીપ લુક છીપ જાઓ ના.. (દો અંજાને), કે .. 'આ ટી આ જા નિંદીયા તું લે ચલ કહીં...' જેમાં પિતા લૉરી ગાય છે. એવા ગીતોમાં આ એક છે. 'મુસ્કુરા લાડલે મુસ્કુરા... કોઈ ભી ફુલ ઈતના નહીં ખૂબસૂરત, હે જીતના યે મુખડા તેરા...! પિતા તેના દિકરાને કહી રહ્યો છે કે... બેટા હસ.. દિકરાનું હસવું પિતાનું સહુથી મોટું સુખ છે. પોતાના બધા દુઃખો તે પુત્રના હસવાથી ભુલી જાય છે. તે કહે છે કે કોઈ પણ એટલું સુંદર નથી, જેટલું તારુ મુખ છે. દરેક પુરુષ પિતા બને ત્યારે તેની કેટલીય ઈચ્છા, કેટલાંય સપનાઓ, પોતાનું ભવિષ્ય પોતાના સંતાનમાં જુએ છે. ફુલ તો સુંદર હોય છે પણ પોતાની ઈચ્છા, પોતાના શરીરની માટીમાંથી ખીલવેલું ફુલ છે. પતિ-પત્ની જ્યારે સંતાનવત થાય ત્યારે જાણે પોતાની આવતીકાલને, આવનારા સમયના અજવાળાને જન્મ આપે છે અને તેથી તેના હૈયામાંથી ઉદગાર નીકળી પડે છે કે કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસૂરત, હૈ જીતના યે મુખડા તેરા.. મુસ્કુરા લાડલે મુસ્કરા...' પોતાના દિકરાને હસતા જોઈ હસતો પિતા અવર્ણનીય સુખમાં હોય છે.

દરેક પિતા ઈચ્છે છે કે તેના સંતાનનું સ્મિત કોઈ ન છીનવે, તેને બધા જ સુખ મળે, 'તેરી યે મુસ્કાન કોઈ ના છીને કભી, હો ફૂલ કી સેજ સોયે જવાની તેરી...' દરેક સંતાનને યુવાની આવે છે અને ત્યારે કાંઈક તેના પોતાના કારણે, ક્યારેક પિતાના કારણે, ક્યારેક સંજોગને કારણે તકલીફ આવે ય ખરી... પણ પિતા ઝંખે છે કે તેના સંતાનનું સ્મિત કોઈ છીનવે નહીં, ફૂલોની પથારીમાં તારી યુવાની પોઢે... બસ, એજ મારી માલિકને દુઆ છે, પ્રાર્થના છે. આવી પ્રાર્થના માલિકને જ કરવી પડે કારણ કે પિતા પણ મનુષ્ય છે ને મનુષ્યને સંજોગ છે, જે બધું ઈચ્છે તો પણ પોતાના સંતાનના સુખને કદાચ ન સંભાળી શકે. પિતા બધું જાણે છે એટલે તે ઈશ્વરને પ્રાર્થના કરે છે. પોતાના સંતાન માટે તેને એટલું વ્હાલ છે કે તે તેને કશું થવા દેવા નથી માંગતો. તે 'મુસ્કુરા લાડલે મુસ્કુરા...' કહે છે તે આખા જીવન માટે કહે છે. 'તું કાયમ માટે હસતો રહે મારા દિકરા! પોતાના સંતાનમાં પોતાનું રૂપ, પોતાના જીવવાની જાણી-અજાણી ઢબ, પોતાની ચાલ-ઢાલ, પોતાનો અવાજ, નાક-નકશો બધું ઊતરતું હોય છે. ઓછું યા વધતું. અને એ વખતે આંખના ઝાંખા થતા દીવા ફરી ઝલમલ થવા લાગે... ઝગમગ થવા લાગે.. વિત્યા સમયમાં દિકરા વડે પાછો જાય અને આવે, 'તુઝ કો જો દેખા વો દિન યાદ આને લગે.. આંખો કે બુઝતે દીયે ઝીલમિલાને લગે, મેં તેરે જૈસા હી થા, ઐસા હી થા... 'હા, એવું થતું હોય છે. દરેક પિતાની આ જાણી-અજાણી અનુભૂતિ છે. તેને થાય કે, હું તારા જેવો જ હતો, બસ એવો થાય કે, હું તારા જેવો જ હતો, બસ એવો જ હતો. પિતાના મા-બાપ હોય અને તેઓ પૌત્રને રમાડતા હોય ત્યારે તેઓ પણ આ વાતની સાક્ષી પૂરતા હોય છે. આવું સુખ પોતાના સંતાન સિવાય કોણ આપી શકે? અને એટલે જ તે ગાય ઉઠે કે, 'કોઈ ભી ફૂલ ઈતના નહીં ખૂબસૂરત, હે જીતના યે મુખડા તેરા... મુસ્કુરા લાડલે મુસ્કુરા...'


પિતાએ જમાનો જોયો છે, સંબંધો કેવા દુઃખ આપે તે જોયા છે, પોતાનો જ પડછાયો સાપ બનીને ડસે તે જોયું છે. તે નથી ઈચ્છતો કે પુત્રને પણ એવા અનુભવ થાય એટલે સાવધ કરે છે, 'બચ કે તું ચલ લાડલે હે બૂરા યે જહાં, બન સાંપ ડંસતા હૈ અપના હી સાયા યહાં.. હ કોઈ હે બેવફા, હૈ બેવફા...' પિતાએ જીવેલો આઘાત બહુ મોટો છે. તેનો અનુભવ એવો છે કે બધા જ, હા બધા જ અહીં બેવફા છે એટલે એવો અનુભવ પુત્રને ન થાય તે માટે સલામતીની ભાવનાથી કહે છે, આ જગત બુરું છે તેનાથી તુ બચીને ચાલ, અહીં તો પોતાનો પડછાયો પણ સાપ બનીને ડસી શકે છે. ને સમજ કે અહીં બધા જ બેવફા છે, બધા જ!.. આ તેનો ઊંડો આઘાત છે અને એટલે જ દિકરાને ઉછેરતા વેળા તે અંદરથી તેને બધી રીતે સાચવવા મથે છે. સંતાનને કાયમ માટે તેણે હસતો જોવો છો ને હસતો રાખવો છે એટલે આ બધુ કહે છે. પિતાને કોણે કેવા દુઃખ આપ્યા તે પુત્રને તો ન ખબર હોય, પિતા એ બધું કહેવાય નથી માંગતો પણ બસ, એવા દુઃખથી પોતાના સંતાનને દૂર રાખવા માંગે છે. 'મુસ્કુરા લાડલે મુસ્કુરા, હૈ કોઈ ફૂલ ઈતના નહીં ખૂબસૂરત, હે જિતના યે મુખડા તેરા.. મુસ્કુરા લાડલે મુસ્કુરા..' પિતાનો આવડે પ્રેમ પામનારા સંતાન પણ ધ્યાન કહેવાય! હસરત જયપુરીએ પિતાના પુત્ર પ્રેમનું આ અનન્ય ગીત લખ્યું છે. જો તમે પૂરા ભાવથી આ ગીતમાં પ્રવેશો તો અંદરથી છલકાઈ ઉઠશો. શંકર-જયકિશન જૂદા જૂદા ભાવનાં ગીત તેમના ગીતકારો પાસે લખાવતાં અને સંગીતથી સજાવતાં. મન્ના ડે પૂરા વાત્સલ્ય છલકતાં સ્વરે આ ગીત ગાયું છે. તમે સાંભળો.

# સૌના મહેબૂબ મહેમુદે અનેકની જિંદગી બનાવી



મહેમુદનો બંગલો અનેક સંઘર્ષ કરનારાઓનો અડ્ડો હતો. તેમાં અભિનેતા-અભિનેત્રી જ નહીં દિગ્દર્શક થવા ઈચ્છુક હોય યા નિર્માતા થવા માંગતા હોય યા સંગીતકાર તરીકે તક ઈત્છતા હોય તેવા પણ હતા. મહેમુદ બધાને આવકારતા અને કયાં કેવી રીતે તક આપી શકાય તેની યોજના કરતા રહેતા. મહેમુદે તક આપી હોય તેવા અનેક છે. મહેમુદનો દબદબો એવો હતો કે કોઈ નિર્માતાને કહે કે તમે આને હીરોઈન તરીકે ચાન્સ આપો તો પેલા આપે તેમને ખબર હોય કે મહેમુદ કહે છે તો તેનામાં તેવી ટેલેન્ટ હશે જ. આ રીતે જ મુમતાઝ, અમિતા, અરૂણા ઈરાની, જૂનિયર મહેમુદ, અમિતાભને તક મળી.મહેમુદના ભાઈ-બહેનો અને બહેનોને કારણે થયેલા બનેવીઓને પણ ફિલ્મજગતમાં ગોઠવી આપ્યા છે. મહેમુદના પિતા મુમતાઝ અલી એક સમયે ભાયખલામાં 'મુસ્તુફા મંઝિલ'માં રહેતા હતા. મુમતાઝ અલીના દિકરા તરીકે મહેમુદ પણ ઘણો સંઘર્ષ કર્યો હતો અને તે દરમ્યાન ફિલ્મજગતના વ્યવહાર અને ધંધાને સમજી લીધા હતા. મહેમુદ અનેક સ્ત્રી સંબંધોમાં માનતા પણ એ એવી જ સ્ત્રીઓ હતી જેનામાં અભિનયની પ્રતિભા હતી અને મહેમુદે તેમને જયાં સારી તક મળી ત્યાં મેળવી આપી. મીનકુમારીની બહેન મધુને પરણેલા મહેમુદે મીનાકુમારીના જીવનમાં પણ મોટી મદદ કરી છે. મીનાકુમારીએ જ મહેમુદની બહેન મલીકુન્નિસાનું નામ મીનું મુમતાઝ પાડેલું જેણે અભિનેત્રી તરીકે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. મહેમુદના ભાઈ અનવર અલી અમિનેતા હતા. અમિતાભની પહેલી ફિલ્મ 'સાત હિન્દુસ્તાની' હતી અને તેમાં અનવર પણ હતા અને મૈત્રી થઈ તેમાંથી અમિતાભ મહેમુદના ઘરે રહેતા થયા અને 'બોમ્બે ટુ ગોવા'માં હીરો બન્યા. અનવર અલી પછી નિર્માતા પણ બનેલા અને 'ખુદ્દાર' અને 'કાશ' ફિલ્મો બનાવેલી. મહેમુદના બનેવીના નામ પણ જાણવા જેવા છે. ઈસ્માલઈલ મેમણ અને દિગ્દર્શક હતા જે મહેમુદની બહેન શાનોને પરણેલા અને મેમણના મૃત્યુ પછી આ શાનો જયોતિ સ્વરૂપ નાનમા દિગ્દર્શકને પરણેલી. ઈસ્માઈલ મેમણે 'અન્નદાતા' 'જવાબ' 'દો રોટી' 'ચંદનકા પલના' અને 'નોકર'નું દિગ્દર્શન કરેલું તો જયોતિ સ્વરૂપ 'મિયા બીવી રાજી' 'બીન બાદલ બરસાત' 'પડોશન' જેવી ફિલ્મોના દિગ્દર્શક છે. મહેમુદે જેમને તક આપી તેમાં સંગીતકાર રાહુલ દેવ બર્મન પણ છે. એક મઝાની વાત કે બધા માને છે અને તે ખોટું ય નથી કે રાહુલદેવ બર્મનની સ્વતંત્ર સંગીતકાર તરીકે પ્રથમ ફિલ્મ મહેમુદની 'છોટે નવાબ' છે. પણ એ સંજોગોની વાત છે. રાહુલ દેવ બર્મનને સ્વતંત્ર સંગીતકાર તરીકે જે પ્રથમ ફિલ્મ મળી હતી તે 'રાઝ' હતી. રાજેશખન્નાના અભિનીત 'રાઝ' નહીં બલ્કે આ 'રાઝ' માં ગુરુદત્ત વહીદા રહેમાન અને રહેમાન હતા. એ ફિલ્મનું દિગ્દર્શન ગુરુદત્તના સહાયક રહેલા નિરંજન કરવાનાં હતા. 1959ના વર્ષની વાત છે એ ફિલ્મના ગીતો શૈલેન્દ્ર લખવાના હતા. શું બે ગીતો તો લખેલા ય ખરા અને તેનું રેકોડિંગ પણ થઈ ગયેલું એક ગીત ગીતા દત્તે ગાયેલું અને તેમની સાથે આશા ભોંસલેએ પણ ગાયું હતું. બીજુ જે ગીત હતું તે શમશાદ બેગમના અવાજમાં રેકોર્ડ થયેલું. રાહુલદેવ બર્મનના સંગીતમાં ગીતાદત્ત અને શમશાદ બેગમ જેવા અવાજ ન હોય શકે પણ 1959નું વર્ષ હતું એ ગુરુદત્તની ફિલ્મ હતી એટલે બધા ગાયિકા તેમની પાસે હતી. પણ આ ફિલ્મ જ બની ન શકી એટલે રાહુલદેવ બર્મનના નામે તે પહેલી ફિલ્મ ન ચડી શકી.

મહેમુદે રાહુલ દેવ બર્મનને પહેલી ફિલ્મ આપી પાછળ પણ સંજોગો છે પહેલી વાત તો એ છે કે તેઓ બહુ હોશિયાર નિર્માતા હતા અને ઓછા બજેટથી કઈ રીતે ફિલ્મ બને તેની આવડત ધરાવતા હતા. તેઓ હંમેશા ધ્યા રાખતા



કે કયાં અભિનતા-અભિનેતા સારા છે અને તેમને તક નથી મળતી એ જ રીતે તેઓ નવા દિગ્દર્શક, સંગીતકાર પણ શોધતા રહેતા. અને થી તેમની ફિલ્મોમાં અભિતાભ બચ્ચન જેવાને પણ તક મળી અને અરૂણા ઈરાનીને પણ તેમણે હીરોઈન બનાવી દીધેલી. મહેમુદની નજરમાં જે હોય તેને તેઓ કામ આપવા અને અપાવવા પ્રયત્ન કરતા ચાહે મુમતાઝ હોય , અમીતા હોય કે રાજેશ રોશન કે બાસુ મનોહારી.

**લૅજન્ડ્સ**

'છોટે નવાબ'બની તેની પાછળ પણ સંજોગો છે શું છે કે મહેમુદની એક બહેન મીનુ મુમતાઝ હતુ જે પણ અનેક ફિલ્મોમાં કામ કરી ચુકી હતી. આ મીનુને અકબર સાથે પ્રેમ હતો પણ તે શિયા મુસ્લિમ હતો અને મીનુ સુન્ની મુસ્લિમ કહેવાય.

અકબરના કુટુંબીજનો મીનુને સ્વીકારાવા તૈયાર ન હતા. પણ બંનેએ લગ્ન કરવાનું નક્કી કરી દીધુ હવે સમસ્યા મહેમુદની હતી કારણ કે અકબર ફિલ્મોમાં સહાયક -દિગ્દર્શક તરીકે તો કામ કરતો હતો પણ તે કોઈ મોટો દિગ્દર્શક તો હતો નહીં મહેમુદ જ તેને સફળ બનાવવાનો હતો. મહેમુદે નક્કી કર્યુ કે તે અકબરની કારકિર્દી બનાવી આપશે. મહેમુદ નક્કી કરે તો શક્ય હતું કારણકે એ માણસના જબરદસ્ત તાકાત હતી. મહેમુદના બીજા બનેવી હતા. ઈસ્માઈલ મેમણ કે જે પણ દિગ્દર્શક હતા. જેમણે 1952ની 'અન્નદાતા' 1955ની 'જવાબ' 1957ની 'દો રોટી' 1967ની 'ચંદનકા પલના'નું દિગ્દર્શન કરેલું. મહેમુદે ઈસ્માઈલ મેમણેને કહ્યું કે તારા 'ઈસ્માઈલ ફિલ્મસ'ના બેનર હેઠળ અકબરને


દિગ્દર્શનની તક આપ પણ મેમણ તૈયાર ન થયા. મહેમુદે પોતાના મિત્ર આઈ.એસ. જોહરને કહ્યું કે તું તક આપ પણ તે ય શક્ય ન બન્યું તો મહેમુદે પોતે જ 'મુમતાઝ' ફિલ્મસ'ના બેનર હેઠળ ફિલ્મ બનાવાનું નક્કી કર્યું. એ કાંઈ પાછા પડે એવા નહોતા. ફિલ્મનું નામ 'છોટે નવાબ'. અકબર તેનો દિગ્દર્શક . તે વખતે મહેમુદ અને અમિતાની જોડી ખૂબ ચાલી રહી હતી. એટલે મહેમુદના કહેવાથી અમિતા હીરોઈન તરીકે નક્કી થઈ . હવે તેઓ બીજા એના જાણીતા નામને વિચારી રહ્યા હતા કે જેના નામની ફિલ્મ વેચી શકાય અને તેમને સંગીતકાર સચિન દેવ બર્મનનો વિચાર આવ્યો. સચિનદા હા પાડે તો ફિલ્મનું સંગીત તો લોકપ્રિય બને જ અને સચિનદાની પ્રતિષ્ઠા એવી મોટી કે ફિલ્મને પણ પ્રતિષ્ઠા આપે. મહેમુદ સચિન બર્મન પાસે ગયા અને શરૂની વાત પરથી ફિલ્મની વાર્તા પરથી તેમણે 'હા' પાડી પણ જયારે દિગ્દર્શક તરીકે અકબર હસે તેવું જાણ્યું તો તસીબથી ના પાડી દીધી. પોતા મોટા મોટા દિગ્દર્શકની ફિલ્મમાં કામ કરી ચુકેલા અને અકબર તો સાવ જ નવા સચિનદા કહે કે મારી પાસે હમણાં સમય જ નથી. પણ આ બેઠક દરમ્યાન રાહુલ દેવ બર્મન પણ હાજર હતા. પિતાના દરેક રેકોર્ડિંગમાં અને નિર્માતા સાથેની મુલાકાતમાં બેસતાં. રાહુલ દેવ બર્મન તબલા વગાડતા બેઠા હતા.

મહેમુદ તેની પાસે ગયા અને કહ્યું 'છોટે નવાબ'નું સંગીત તમારે આપવાનું છે. સચિન દેવ બર્મન તો ના નહોતા જ પાડવાના. તેમને થયું ભલે રાહુલને તક મળે અને એ રીતે 'છોટે નવાબ' સંગીતકાર રાહુલદેવ બર્મન એવું બન્યું એ ફિલ્મ 1961માં રજૂ થયેલી અને તેના બે વર્ષ પછી મહેમુદે તેની બીજી બહેન ઝૂબેદાની પણ શાદી કરાવી એ વખતે અકબર પાસે રૂપિયા નહોતા તો મીનુએ દોઢ લાખ રૂપિયા ચૂપચાપ



આપેલા અને કહેલું કે શાદીની તૈયારી કર. એ અકબરનું આખુ નામ એસ. એ અકબર જેમણે પછી મહેમુદની જ 'પતિપત્ની'નું પણ દિગ્દર્શન કર્યું. જેમાં સંજીવકુમાર નંદા હતા.

મહેમુદની ખાસ મુમુતાઝ હતી. અને સંગીતકાર રાહુલદેવ બર્મન જ હતા. તેમની અન્ય એક ફિલ્મ તે 'જોહર મહેમુદ ઈન હોંગકોંગ' પછીના વર્ષોમાં તેઓ કેનેડો જઈને વસી ગયેલા પણ વાત એ છે કે મહેમુદ 'છોટેનવાબ' વડે રાહુલ દેવ બર્મનને જ નહીં એસ. એ. અકબરને ય તક આપેલી. રાહુલદેવ બર્મન પાસે તો તેઓ 'ભૂત બંગલા'માં અભિનય પણ કરાવી શક્યા. એ માણસ ધારે તે કરી શકતો. મહેમુબ સાહેબ એટલે મહેમુદ સાહેબ! તે માત્ર કોમેડીયન નહોતા અનેકની જિંદગીમાં આનંદ ભરનારા માણસ હતા. ●



# તલત મહેમુદને અવાજ જૂદી જ દુનિયામાં લઈ જાય

તલત મહેમુદને આજે કોઈ હીરો તરીકે યાદ નથી કરતું પણ કિશોરકુમારની જેમ તેઓ પણ હીરો હતા. હા, કિશોરકુમાર જેટલા સફળ નહોતા અને અભિનય પ્રતિભા બાબતે પણ કિશોર કુમાર સાથે તુલના ન થઈ શકે પણ અભિનય અને પાર્શ્વગત્રયન બંનેમાં જેમનો પ્રભાવ હોય તેવા તલત મહેમુદ પણ છે. જે સમયે દિલીપકુમાર, દેવઆનંદથી માંડી પ્રદીપકુમાર, સહિતના હીરો પરદા પર રાજ કરતાં હતાં ત્યારે તલત મહેમુદે છબી બિશ્વાસ (રાજલક્ષ્મી), કાનન દેવી (તુમ ઔર મેં), માયા બોઝ (સંપતિ), મધુબાલા (આરામ-દેવઆનંદ સાથે) શ્યામા (દિલેનાદાન), માલા સિંહા (એક ગાંવકી કહાની), નૂતન (સોનેકી ચિડીયા- બલરાજ સાહની), રૂપમાલા (દિવા કી રાત), શ્યામા (લાલારૂખ) સહિતની અભિનેત્રીઓ સાથે લગભગ ચૌદ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે. પણ તેમની ઓળખ પાર્શ્વગાયક તરીકે બની એ જ થવુ યોગ્ય છે.

24 ફેબ્રુઆરી 1924માં જન્મેલા તલત મહેમુદનું આ જન્મશતાબ્દી વર્ષ છે. 9મી મે 1998માં તેમણે વિદાય લીધેલી એટલે આજે તેઓ વધારે યાદ આવે છે. મુંબઈના બાન્દ્રામાં તેમનું પેન્ટહાઉસ હતું જયાંથી સમુદ્રદર્શન થતા ત્યાં તેઓ તેમના પત્ની નસરીન, દિકરા ખાલીદ અને પુત્રવધુ રીના સાથે રહેતા હતા. સમુદ્ર તર જોતાં જોતાં તેઓ પોતે જ ગાયેલા ગીત ઘણીવાર ગણગણતા. સુવર્ણ યુગના સંગીતને યાદ કરો તો રફી, લતા, મુકેશ, આશા, મન્નાડે, ગીતા દત્ત, કિશોરકુમાર, સુરૈયા વગેરે સાથે તેઓના ગીત પણ હોઠ પર ફરી ચડી આવે. (સુરૈયા, કિશોરકુમારનું નામ ક્રમમાં છેલ્લે કેમ અને હેમંતકુમાર, જોહરાબાઈ અંબાલાલ કે શમશાદ બેગમનાં નામ કેમ નથી વગેરે ન પૂછો. અહીં તો ફકત સમય યાદ કરાવવા પૂરતાં નામ છે)

**મ્યુઝિકલી યૉર્સ**

લખનૌ જેવા નવાબોના શહેરમાં જન્મેલા તલત સાહેબના અવાજમાં પણ નવાઝઅદબ હતી. તોફાન-મસ્તીના ગાય નથી વધુ તેઓ ગઝલગાયન માટે વધુ પ્રસિધ્ધ રહ્યા. હિન્દી ફિલ્મ સંગીતમાં ગઝલનો જબરદસ્ત દરજ્જો રહ્યો છે. એક સમયનાં દરેક સંગીતકારોએ ગઝલ કમ્પોઝ કરી છે અને તેમને ગઝલ ગાયન માટે પુરુષ સ્વરમાં પ્રથમ તો તલત જ યાદ આવ્યા છે. આ કારણે જ આપણને 'અશ્કોં મેં' જો પાયા હૈ, વો ગીતોમાં દીયા હૈ '(એમ.દત્તા સાહિર- 'ચાંદીકી દિવાર)' 'અંધે જહાન કે અંધે રાસ્તે જાયે તો જાયે કહાં (શંકર જયકિશન-શૈલેન્દ્ર-'પતિતા'), 'એ ગમે દિલ કયા કરું (સરદાર મલિક-મજાઝ લખનવી, 'ઠોકર') 'એ દિલ મુઝે ઐસી જગહ લે ચલ, જહાં કોઈ ન હો (અનિલ બિશ્વાસ, મજરુહ 'આરઝુ') સબકુછ લુટા કે હોશમે' આયે તો કયા કિયા (રવિ, પ્રેમ ધવન 'એક સાલ), તસવીર બનાતા હું તસવીર નહીં બનતી (નૌશાદ, શકીલ બદાપુંજા 'બારાદરી) ફીર વોહી શામ, વોહી ગમ, વોહી તન્હાઈ હે (મદન મોહન, રાજેન્દ્ર કૃષ્ણ 'જહાં આરા') શામ-એ-ગમકી કસમ, આજ ગમગી હૈ હમ (ખૈયામ મજરુહ- અલી સરદાર જાફરી 'ફૂટપાથ') રાતને કયા કયા ખ્બાવ દિખાયે (સલીલ ચૌધરી, શૈલેન્દ્ર 'એક ગાંવકી કહાની) જેવી અમરત્વથી ભરેલી ગઝલો મળી છે. તમે શાંત વાતાવરણમાં તે સાંભળજો. તલત મહેમુદનો અવાજ તમને એક જૂદી દુનિયામાં લઈ જશે. તલત મહેમુદના અવાજમાં જે સોફ્ટનેસ હતી તે એવી હતી કે તેમાં પીડાને એક ઊંડી સમજદારીનું ઊંડાણ મળી જતું પ્રેમ ન પામ્યાની હતાશા હોય પણ તેમાં સામા પાત્રને ફરિયાદને બદલે પોતાના એકાંત અને નિયતિનો સૂર સંભળાતો હોય. તલત મહેમુદ અલીગઢની મિન્ટો સર્કલ સ્કૂલમાં ભણેલા અને પછી ઈસ્લામિયા કોલેજમાં ભણતા હતા ત્યારે કુંદનલાલ સાયગલના ગીતો ગાતાં. એ જમાને ગરામોફોન પ્લેયર બહુ ઓછા ખરીદી શકતાં પણ તલતે ખરીદેલું જેથી મનગમતા સાંભળતા ગાતા થયા અને એક દિવસ સ્કૂલમાં અચાનક જ તેમને ગાવાનું કહેવાયું અને તેમણે સાયગલનું જ ગાયેલું 'નુકતાચીં હે ગમ એ-દિલ-' ગાયું. પણ એ્યે તેઓ પંકિત ભુલી ગયા તો વિદ્યાર્થીઓએ મજાક કરી. તલત રડી પડયા. આ પ્રસંગ પછી તેમણે ગાયકી શીખવાનું નક્કી કર્યું અને હાઈસ્કૂલ પુરી થયા પછી લખનૌની મારીસ કોલેજમાં સંગીત શીખ્યા. ત્યાં શીખતા હતા ત્યારે જ રેડિયો લાહૌર અને રેડિયો લખનૌ પર તેઓ ગાતાં થયા. આ ગાવાનું તેમને એમએમવી સુધી લઈ ગયું. તેમણે દરેક રેકોર્ડિંગના 30 રૂપિયા લેખે એક વર્ષનો કોન્ટ્રાકટ કર્યો. તે વખતે એચએમવી ઓફિસ કોલકાતા હતી એટલે ત્યાં ગયાં. કમલ દાસગુપ્તાના સંગીતમાં તેમણે ગાયું. 1941નું વર્ષ હતું અને તલત ત્યારે સત્તરેક વર્ષના યુવાન હતા. કોલેજ પુરી કરવી બાકી હતી એટલે તે પુરી કરી ફરી કોલકાતા આવ્યા ત્યારે 'માય સિસ્ટર'ના રેકોર્ડિંગ માટે આવેલા કે.એલ. સાયગલને મળ્યા. 'દો નૈના મતવારે...'નાં રેકોર્ડિંગ વખતે તેઓ હાજર હતા. તલત મંગયુગ્ધ થઈ ગયા. તેમના ઉદ્દગાર હતા. 'નૂર કી એક બારિશ હો રહી થી!'. આ કલકત્તામાં તેમને 'તપનકુમાર' નામ મળ્યું અને એ નામ હેઠળ હિન્દી-બંગાળી ગીત-ગઝલ ગાયાં. પણ ત્યો નક્કી નહોતું કે ગાયન જ કારકિર્દી બનશે. તેઓ દેખાવડા તો હતા અને તે વખતે અભિનેતા ગાયકના પ્રથા હતી.

કોલકાતામાં જ તેમણે ત્રણ ફિલ્મમાં કામ કર્યું. 1949 સુધી તેઓ કોલકાતા રહ્યા પછી થયું કે મુંબઈ જ વધુ સારી કારકિર્દી બની શકે એમ છે એટલે કોલકાતા છોડયું અને મુંબઈના થયા. મુંબઈ આવતાં જ તેમણે 'તપન કુમાર'ને છોડી પોતાનું અસલી નામ જ અપનાવ્યું. અનિલ બિશ્વાસ તેમને કોલકાતાથી જાણતા હતા અને તેમણે પ્રથમવાર 'આરઝુ'મા તલત પાસે ગવડાવ્યું. મુંબઈ આવ્યા પછીની આ શરૂઆત હતી. તલતે ગાયું 'એ દિલ મુઝે ઐસી જગાહ લે ચલ જહાં કોઈ ન હો 'ને એજ ગઝલ તેમને કયાંની કયાં લઈ ગઈ, સંગીતકાર વિનોદે 'અનમોલ રતન'માં 'જબ કિસી કે રુખ પે ઝુલ્ફે આકે લહેરાની લગી 'ગવડાવ્યું અને પછી નૌશાદે 'મીલતે હી આંખે દિલ હુઆ..' શમશાદ બેગમ સાથે ગવડાવ્યું. બધાએ તલતના અવાજનો ચમત્કાર અનુભવ્યો અને જોતજોતામાં બધા સંગીતકારોએ તેમની પાસે ગવડાવવા માંડયું. દિલીપકુમાર માટે રફીનો અવાજ હતો પણ 'બાબુલ'ને 'આરામ'માં તલતે પણ ગીતો ગાયા. તલતે હંમેશા પોતાની પસંદગી જાળવીને ગાયું છે. તેઓ જાણતા હતા કે પોતાના અવાજને અમુક શૈલીના ગીત ન શોભે તો ન જ ગાય. તેમણે ફિલ્મોમાં અભિનય કરવાનું પણ ચાલુ રાખ્યું પણ એકવાર શમ્મીકપૂરે તેમને કહ્યું, 'તમે આટલા સારા ગાયકા છો તો ગાવા પર જ ધ્યાન આપો, અભિનય શું કામ કરો છો?' તલતને લાગ્યું કે આ સલાહ ખોટી નથી. ફકત ગાવા પર ધ્યાન આપવાનું થતાં ગાવાનું વધવા લાગ્યું. 'ફીર વોહી શામ વોહી ગમ' જેવી ગઝલ આવ્યા પછી તો જાણે ગઝલ જ તેમના માટે વધુ ખાસ બનવા લાગી. પણ એ વર્ષોમાં એવું ય બન્યું કે ચિત્રગુપ્તે 'ચલ ઉડ જારે પંછી' તલત પાસે ગવડાવ્યું અને પછી રફી પાસે રિપ્લેસ કરાવ્યું. 'આદમી' ફિલ્મમાં પણ ફરી એવું બન્યું. મનોજકુમારનો આગ્રહ મહેન્દ્રકપૂરનો હતો એટલે તલત મહેમુદનું ગાયેલું 'કૈસી હસીન આજ બહારો કી રાત હૈ તેમનું થયું. ફિલ્મ જગતમાં આવું બને તેને પછડાટ ગણાય. વળી 1970-80 વચ્ચે તો સંગીત પણ ઘણું બદલાવા લાગ્યું અને તેમાં તલત માટેની જગ્યા ઓછી થવા લાગી. ખેર, દરેકના સમય આવે અને જાય છે. પણ એ હકીકત છે કે મહેંદી હસન જેવા એ પણ તલતનું ગાયેલું 'હુશનવાલો કો ના દિલ દો' ગાયા પછી જે લોકપ્રિયતા મળી પછી તેમનો સમય આવ્યો. તલતના લાખો ચાહકો પાકિસ્તાનમાં પણ રહ્યા છે.

તલત જેવો અવાજ ફકત તલતનો જ હતો. તેમાં એક આછુ કંપન છે. ઘણા સંગીતકાર ઈચ્છતા હતા કે એ કંપન ન હોવું જોઈએ પણ અનિલ બિશ્વાસે કહ્યું કે આ તો તમારા અવાજનું ખાસ છે તો જાળવી રાખો. તલત મહેમુદના ગીત-ગઝલ આજે ઓછા સંભળાય છે પણ આજે મર્મીલા ગાયકને સાંભળે છે કોણ ? ●